# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 17-04-2026** **EVENING: 7.50 TO 8.00 PM**
**Day : FRIDAY** **National News**

## આકાશવાણી સમાચાર જયેશ પટેલ વાંચે છે.

*****************************************************

1) લોકસભામાં બંધારણ - ૧૩૧મો સુધારો વિધેયક, સીમાંકન વિધેયક અને કેન્દ્રશાસિત પ્રદેશો કાયદા - સુધારા વિધેયક પર ચર્ચા ચાલુ.

2) સરકારે કહ્યું કે પશ્ચિમ એશિયા કટોકટી છતાં દેશભરમાં ઘરેલુ LPG પુરવઠો સામાન્ય.

3) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તમામ સાંસદોને નારી શક્તિ વંદન કાયદામાં સુધારાને સમર્થન આપવા વિનંતી કરી.

4) પશ્ચિમ એશિયા સંઘર્ષ શરૂ થયા પછી ઈરાનથી 2 હજાર 361 ભારતીય નાગરિકો સ્વદેશ પરત.

5) તમિલનાડુના કોઈમ્બતુરમાં વાન પલટી જતાં દસ લોકોના મોત.

6) IPL ટી-20 ક્રિકેટમાં ગુજરાત ટાઈટન્સ અને કોલકાતા નાઈટ રાઈડર્સ વચ્ચે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં મુકાબલો ચાલુ.

..............................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો

# DISCUSSION ON WOMEN'S RESERVATION AMENDMENT

લોકસભામાં બંધારણ (૧૩૧મો સુધારો) વિધેયક, સીમાંકન વિધેયક અને કેન્દ્રશાસિત પ્રદેશો કાયદા (સુધારા) વિધેયક પર ચર્ચા ચાલી રહી છે. ચર્ચામાં ભાગ લેતા, ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું હતું કે બંધારણમાં સીમાંકન માટેની જોગવાઈઓ કરવામાં આવી છે અને આનાથી દરેક મતવિસ્તારમાં મતદારોનું તર્કસંગત વિતરણ સુનિશ્ચિત થશે. સીમાંકન પ્રક્રિયાથી અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ માટે બેઠકોની સંખ્યામાં વધારો થશે. સીમાંકનનો વિરોધ કરનારાઓ ખરેખર અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ માટે બેઠકોની સંખ્યામાં વધારો કરવાનો વિરોધ કરી રહ્યા છે. તેમણે જણાવ્યું હતું કે આ વિધેયકોનો ઉદ્દેશ્ય 2029 ની લોકસભાની ચૂંટણીઓ મહિલા અનામત સાથે યોજાય તે સુનિશ્ચિત કરવાનો છે.

**(BYTE :** AMIT-SHAH-ON-SC-ST-DELIMIT)

ચર્ચામાં ભાગ લેતા, લોકસભામાં વિરોધ પક્ષના નેતા અને કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ કહ્યું કે નારી શક્તિ વંદન અધિનિયમએ મહિલા અનામત વિધેયક નથી અને તેનો મહિલાઓના સશક્તિકરણ સાથે કોઈ સંબંધ નથી.

**(BYTE : RAHUL GANDHI)**

લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ શ્રી ગાંધીની ટિપ્પણી પર વાંધો ઉઠાવ્યો અને તેમને કાયદાની જોગવાઈઓ પર ધ્યાન કેન્દ્રિત કરવા વિનંતી કરી. ગૃહમાં શ્રી ગાંધીના ભાષણનો જવાબ આપતા, સંરક્ષણમંત્રી રાજનાથ સિંહે કોંગ્રેસના સાંસદ દ્વારા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પર કરવામાં આવેલી ટીપણીની નિંદા કરી.

સંસદીય બાબતોના પ્રધાન કિરેન રિજિજુ અને મહિલા અને બાળ વિકાસ પ્રધાન અન્નપૂર્ણા દેવીએ પણ રાહુલ ગાંધી દ્વારા તેમને બિનસંસદીય ગણાવતી ટિપ્પણીઓની નિંદા કરી.

# INTER-MINISTERIAL BRIEFING

સરકારે જણાવ્યું છે કે પશ્ચિમ એશિયા કટોકટી છતાં દેશભરમાં ઘરેલુ LPG પુરવઠો સામાન્ય છે. આજે નવી દિલ્હીમાં એક આંતર-મંત્રાલય વાર્તામાં, પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના સંયુક્ત સચિવ સુજાતા શર્માએ જણાવ્યું હતું કે દેશભરના વિતરણ કેન્દ્રો પર કોઈ અછત નથી. ગઈકાલ સુધીમાં આશરે 50 લાખ LPG સિલિન્ડર ઘરોમાં પહોંચાડવામાં આવ્યા છે.

**(BYTE : SUJATA SHARMA)**

શિપિંગ અને જળમાર્ગ મંત્રાલયના અધિક સચિવ મુકેશ મંગલે જણાવ્યું હતું કે અત્યાર સુધીમાં 2 હજાર 400 થી વધુ ભારતીય નાવિકોને ભારત સુરક્ષિત પરત લાવવામાં આવ્યા છે.

વિદેશ મંત્રાલયના ખાડી પ્રદેશના અધિક સચિવ અસીમ મહાજને જણાવ્યું હતું કે ભારતીય દૂતાવાસો ભારતીય સમુદાય સાથે સક્રિય રીતે સંકળાયેલા છે અને ખાડી ક્ષેત્રમાં સ્થિત સંગઠનો, વ્યાવસાયિક જૂથો અને ભારતીય કંપનીઓ સાથે નિયમિત સંપર્કમાં છે.

# AMENDMENT PRIME MINISTER'S VOTING APPEAL

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તમામ સાંસદોને નારી શક્તિ વંદન કાયદામાં સુધારાને સમર્થન આપવા વિનંતી કરી છે. સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી મોદીએ જણાવ્યું હતું કે દેશભરની લાખો મહિલાઓની નજર સંસદ, તેના ઇરાદાઓ અને તેના નિર્ણયો પર ટકેલી છે. તેમણે તમામ રાજકીય પક્ષોને મહિલા અનામતના પક્ષમાં મતદાન કરવા અપીલ કરી હતી.

પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે નારી શક્તિ વંદન કાયદામાં સુધારા અંગે સંસદમાં ચર્ચા ચાલી રહી છે. સુધારાને લગતી મૂંઝવણ દૂર કરવા માટે તાર્કિક જવાબો આપવામાં આવ્યા છે, અને સરકારે દરેક શંકાનું નિરાકરણ કર્યું છે. દેશની અડધી વસ્તીને તેમના અધિકારો મળે તે સુનિશ્ચિત કરવાનો સમય આવી ગયો છે. રાષ્ટ્રની નારીશક્તિનું સન્માન કરવાની આ શ્રેષ્ઠ તક છે.

# TRUMP-IRAN CEASEFIRE

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે ઈરાન સાથે યુદ્ધ સમાપ્ત કરવા માટે ટૂંક સમયમાં એક કરાર થઈ શકે છે, પરંતુ તેમણે આ કરાર માટે કોઈ સ્પષ્ટ સમયમર્યાદા આપી નથી. બે અઠવાડિયાનો યુદ્ધવિરામ જાહેર કરવામાં આવ્યો હતો જે આવતા અઠવાડિયે પૂર્ણ થઈ રહ્યો છે, તેને લંબાવી શકાય છે, જોકે ટ્રમ્પનું માનવું છે કે ઈરાન કોઈપણ કરાર પર પહોંચવા માટે તૈયાર છે.

દરમિયાન, ઈરાનના નાયબ વિદેશમંત્રી સઈદ ખતીબઝાદેહે કામચલાઉ યુદ્ધવિરામને સંપૂર્ણપણે નકારી કાઢ્યો છે અને ભાર મૂક્યો છે કે ઈરાન સમગ્ર ક્ષેત્રમાં સંઘર્ષનો અંત લાવવા માટે એક વ્યાપક ઉકેલ ઇચ્છે છે. તુર્કીમાં અંતાલ્યા કૂટનીતિક મંચ દરમિયાન પત્રકારો સાથે વાત કરતા શ્રી ખતીબઝાદેહે કહ્યું કે કોઈપણ યુદ્ધવિરામમાં લેબનોનથી લાલ સમુદ્ર સુધીના તમામ સંઘર્ષ ક્ષેત્રોનો સમાવેશ થવો જોઈએ.

# MEA - BRIEFING

પશ્ચિમ એશિયા સંઘર્ષ શરૂ થયા પછી ઈરાનથી 2 હજાર 361 ભારતીય નાગરિકોને સુરક્ષિત રીતે સ્વદેશ પરત મોકલવામાં આવ્યા છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે આજે નવી દિલ્હીમાં જણાવ્યું હતું કે આમાંથી 2 હજાર 600 ભારતીયો આર્મેનિયા થઈને અને 301 અઝરબૈજાન થઈને પાછા ફર્યા હતા.

શ્રી જયસ્વાલે જણાવ્યું હતું કે ભારતે માર્ચમાં બાંગ્લાદેશને 22 હજાર મેટ્રિક ટન હાઇ-સ્પીડ ડીઝલ અને શ્રીલંકાને 38 હજાર મેટ્રિક ટન પેટ્રોલિયમ ઉત્પાદનો પૂરા પાડ્યા હતા. બાંગ્લાદેશના ભૂતપૂર્વ પ્રધાનમંત્રી શેખ હસીના અંગે તેમણે કહ્યું હતું કે ત્યાં ચાલી રહેલી કાનૂની પ્રક્રિયા હેઠળ વિનંતીની તપાસ કરવામાં આવી રહી છે.

ભાગેડુ ઉદ્યોગપતિ નીરવ મોદીના ભારતમાં પ્રત્યાર્પણ અંગે શ્રી જયસ્વાલે કહ્યું હતું કે ભારત આ બાબતે બ્રિટનના સંપર્કમાં છે. પ્રવક્તાએ 33મી સંયુક્ત રાષ્ટ્ર જળવાયુ પરિવર્તન પરિષદમાંથી ભારતના ખસી જવાની પણ પુષ્ટિ કરી હતી.

# JAISHANKAR-UKRAINE

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે આજે નવી દિલ્હીમાં યુક્રેનની રાષ્ટ્રીય સુરક્ષા અને સંરક્ષણ પરિષદના સચિવ રુસ્તમ ઉમેરોવ સાથે મુલાકાત કરી. સોશિયલ મીડિયા સંદેશમાં ડૉ. જયશંકરે જણાવ્યું હતું કે મુલાકાત દરમિયાન બંને નેતાઓએ ભારત અને યુક્રેન વચ્ચે દ્વિપક્ષીય સહયોગ અંગે ચર્ચા કરી હતી.

# NSA MEETING

રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર - NSA અજિત ડોભાલે આજે નવી દિલ્હીમાં યુક્રેનના રાષ્ટ્રીય સુરક્ષા અને સંરક્ષણ પરિષદના સચિવ રુસ્તમ ઉમેરોવ સાથે મુલાકાત કરી. વિદેશ મંત્રાલયે એક સોશિયલ મીડિયા સંદેશમાં જણાવ્યું હતું કે બંને પક્ષોએ દ્વિપક્ષીય સંબંધોની સમીક્ષા કરી અને ચાલી રહેલા રશિયા-યુક્રેન સંઘર્ષ પર ચર્ચા કરી. બેઠક દરમિયાન, NSAએ ભારતના સૈદ્ધાંતિક વલણનો પુનરોચ્ચાર કર્યો અને સંવાદ અને રાજદ્વારી દ્વારા શાંતિપૂર્ણ ઉકેલ પર ભાર મૂક્યો.

# TAMILNADU ACCIDENT

તમિલનાડુના કોઈમ્બતુર જિલ્લામાં પહાડી રસ્તા પર જઈ રહેલી એક વાન પલટી જતાં દસ લોકોના મોત થયા છે અને અનેક લોકો ઘાયલ થયા છે. આ અકસ્માત વાલપરાઈ ઘાટ રોડ પર નવમા હેરપિન બેન્ડ પાસે થયો હતો. ઘાયલોને સારવાર માટે નજીકની હોસ્પિટલોમાં દાખલ કરવામાં આવ્યા છે. અકસ્માત સમયે વાનમાં કેરળના 16 લોકો સવાર હતા.

# REV IPL MATCH

IPL ટી-20 ક્રિકેટમાં આજે ગુજરાત ટાઈટન્સ અને કોલકાતા નાઈટ રાઈડર્સ વચ્ચે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં મુકાબલો ચાલુ. અજિંક્ય રહાણેની આગેવાની હેઠળની કોલકાતાની ટીમે ટોસ જીતીને બેટિંગ પસંદ કરી છે.

છેલ્લા અહેવાલો પ્રમાણે કોલકાતા નાઈટ રાઈડર્સ 4.4 ઓવરમાં 3 વિકેટે 34 રન કર્યા છે.

# ELECTION COMMISSION - TAMIL NADU-WEST BENGAL

ચૂંટણી પંચે વિધાનસભા ચૂંટણી પહેલા તમિલનાડુ અને પશ્ચિમ બંગાળમાં 865 કરોડ રૂપિયાથી વધુની રોકડ, દારૂ, દવાઓ, કીંમતી ધાતુઓ જપ્ત કરી છે. પંચે જણાવ્યું હતું કે 26 ફેબ્રુઆરીના રોજ ચૂંટણી જપ્તી વ્યવસ્થાપન પ્રણાલી લાગુ થયા પછી, પશ્ચિમ બંગાળમાં 427 કરોડ રૂપિયા અને તમિલનાડુમાં 438 કરોડ રૂપિયા સહિત રોકડ, દારૂ, દવાઓ, કિંમતી ધાતુઓ અને મફત વસ્તુઓ જપ્ત કરવામાં આવી છે.

# GUJARAT HIGH COURT - ASARAM ASHRAM

ગુજરાત વડી અદાલતે અમદાવાદમાં આસારામ આશ્રમ દ્વારા દાખલ કરાયેલી અપીલને ફગાવતા મોટેરા વિસ્તારમાં 45 હજાર ચોરસ મીટરથી વધુની મુખ્ય જમીન ખાલી કરાવાશે. અદાલતના આદેશ બાદ આ જમીન પરત લેવા રાજ્ય સરકારનો માર્ગ મોકળો થયો છે. વડી અદાલતના બે જજની ખંડપીઠે આસારામ આશ્રમ ટ્રસ્ટને વચગાળાની કોઈ રાહત આપવાનો પણ સ્પષ્ટ ઈનકાર કર્યો છે. આશ્રમની અપીલ ફગાવતા ખંડપીઠે નોંધ્યું કે, આસારામ આશ્રમે વારંવાર શરતોનો ભંગ કર્યો અને જાહેર જમીન પર દબાણ કર્યું છે.

અમારા પ્રતિનિધિ જણાવે છે, આ જમીન પરત લેવા અમદાવાદ જિલ્લા કલેક્ટરના હુકમ બાદ આશ્રમે કાનૂની રાહ અપનાવી હતી. બાદ નોટિસો, નિરીક્ષણો અને 20થી વધુ સુનવણીઓ સહિતની સખત પ્રક્રિયા બાદ અદાલતે આ ચુકાદો આપ્યો છે.

# JHARKHAND - MAOISTS KILLED

ઝારખંડના હજારીબાગ જિલ્લાના પીપરવાર-કેરેદારી સરહદી વિસ્તારમાં આજે સુરક્ષાદળો સાથેની અથડામણમાં ચાર માઓવાદીઓ માર્યા ગયા. તેમાં માઓવાદી ઉપ-પ્રાદેશિક કમાન્ડર સહદેવ મહતોનો પણ સમાવેશ થાય છે, જેના પર 15 લાખનું ઇનામ હતું. ઘટનાસ્થળેથી મોટી માત્રામાં શસ્ત્રો, દારૂગોળો અને માઓવાદી સામગ્રી મળી આવી હતી.

# SCO - BILATERAL DIALOGUE

ભારત અને ચીન વચ્ચે નવી દિલ્હીમાં શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન - SCO દ્વિપક્ષીય સમજૂતી બેઠક યોજાઈ હતી. ભારતીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ SCOના રાષ્ટ્રીય સંયોજક રાજદૂત આલોક એ. ડિમરીએ જ્યારે ચીની પ્રતિનિધિમંડળનું નેતૃત્વ રાષ્ટ્રીય સંયોજક રાજદૂત યાન વેનબિને કર્યું હતું.

બેઠક દરમિયાન, બંને પક્ષોએ SCO નેતાઓના નિર્ણયોના અમલીકરણ અને સંગઠનના ભાવિ સ્વરૂપ અંગે ચર્ચા કરી હતી. વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે બંને પક્ષો SCO બાબતો પર પરસ્પર સહયોગ અને પરામર્શ ચાલુ રાખવા અને મજબૂત કરવા સંમત થયા હતા.